# વસિષ્ઠ જેનસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ)

**મુ.પો.બાબેન, તા.બારડોલી, જિ.સુરત.,પીન કોડ, ૩૯૪૬૦૧**

સ્નેહી વાલીશ્રી, તા. ૨૭-૦૭-૨૦૨૪

સવિનય સાથ જણાવવાનું કે વિદ્યાર્થીના ભવિષ્યમાં અભ્યાસ કે પાસપોર્ટ માટે કોઈ મુશ્કેલી ન સર્જાય તેથી ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીના નામમાં, અટકમાં, જાતિ, જન્મતારીખ, જન્મસ્થળ, પિતાના નામમાં ફેરફાર, વિદ્યાર્થીના નામની પાછળ માતાનું નામ ઉમેરવા/સુધારો કરવાની જરૂરિયાત જણાય તો આપ આ બાબતની ગંભીરતા રાખી તા.૨૯-૦૭-૨૦૨૪ થી તા.૦૭-૦૮-૨૦૨૩ સુધીમાં શાળાની ઓફિસમાં જરૂરી પુરાવા લઈને સમય બપોરના ૨:૦૦ થી ૨:૩૦ વાગ્યા દરમિયાન રૂબરું મળી જશો. આ સુધારા "સુધારા કેમ્પ" દરમિયાન જ થશે તેથી તે પછીના સમયે વાલીશ્રીએ કરેલી રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

નોંધ :-

(૧) આપના બાળકની વિગત જમા કરાવેલ લીવિંગ સર્ટી (L.C) મુજબ શાળા (વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ)ના જી.આર. માં નોંધવામાં આવ્યું છે. જેમાં આપશ્રીને નામમાં, અટકમાં, જાતિ, જન્મતારીખ, જન્મસ્થળ, પિતાના નામમાં ફેરફાર/સુધારો કરવાની જરૂરિયાત જણાય તો આપેલ બાહેંધરીપત્રક ભરી આપના બાળક સાથે પરત મોકલવું.

(૨) બાળકની કોઈ પણ વિગતમાં સુધારો કે ફેરફાર ન હોય તેવા વાલીશ્રીએ પણ કોઈ સુધારો નથી એમ લખી સહી કરી બાહેંધરીપત્રક બાળક સાથે પરત મોકલવું.

## જે તે સુધારા કરવા માટે રજૂ કરવાના આધારોની વિગત

❖ **વિદ્યાર્થીના નામમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મ નોંધણીનું પ્રમાણપત્ર (જન્મ તારીખનો દાખલો) અથવા કોર્ટનો હુકમ.

❖ **વિદ્યાર્થીના અટકમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર.
૨. વિદ્યાર્થીના પિતાની એલ.સી.ની નકલ.
૩. ઉપરના આધાર ન હોય તો કોર્ટનો હુકમ.

❖ **વિદ્યાર્થીના જાતિમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર.
૨. વિદ્યાર્થીના પિતાની એલ.સી.ની નકલ અથવા કાકા, ભાઈ, બહેનના એલ.સી. ની નકલ તથા તેનાં સંબંધનો પેઢીનામું અને સોગંદનામામાં ઉલ્લેખ કરવા. (પેઢીનામું તલાટીના સહી સિક્કા સાથેનું)
૨. વિદ્યાર્થીના પિતાની જાતિ અંગેના સક્ષમ અધિકારીએ આપેલ પ્રમાણપત્રની નકલ. (લાગુ પડે તે વ્યકિતઓએ)

❖ **વિદ્યાર્થીના જન્મતારીખમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મ નોંધણીનું પ્રમાણપત્ર અથવા કોર્ટનો હુકમ.
૨. વિદ્યાર્થીના ધો.૧ થી અત્યાર સુધીના તમામ પરિણામોની પ્રમાણિત નકલ.
૩. ધો.૧ થી જન્મ તારીખ સુધારા માટે દરખાસ્ત રજૂ કર્યાના વર્ષ સુધીમાં અભ્યાસ દરમિયાન નાપાસ થયેલ નથી તેવું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર.

❖ **વિદ્યાર્થીના પિતાના નામમાં સુધારો કરવા રજૂ કરવાના આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મ નોંધણીનું પ્રમાણપત્ર. (જન્મ તારીખનો દાખલો) અથવા કોર્ટનો હુકમ.
૨. વિદ્યાર્થીના પિતાની એલ.સી.ની નકલ.

❖ **દત્તકવિધાન કેસમાં રજૂ કરવા કરવાના આધારો.**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર.
૨. સબ રજિસ્ટર દ્વારા નોંધાયેલ દત્તક વિધાન.
૩. પરસ્પર વાલીઓની સંમતિનું એફીડેવીટ. (બન્ને વાલીની)
૪. આગલા પિતા હયાત ન હોય તો મરણનો દાખલો. જો હયાત હોય તો આગલા પિતાની સંમતી. (એફિડેવીટ પર)
૫. રીમેરેજ કિસ્સામાં કોર્ટનો હુકમ.
૬. છુટાછેડાનો કોર્ટનો હુકમ.

❖ **વિદ્યાર્થીના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ સુધારવા.**

૧. વિદ્યાર્થીનું જન્મનું પ્રમાણપત્ર.
૨. પિતાના અવસાનનો દાખલો.
૩. છૂટાછેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ.
૪. હયાત હોય તો આગલા પિતાની સંમતી (સોગંદનામા સ્વરૂપે)
૫. અન્ય કારણો હોય તો તેના આધારો.

❖ ઉપરના કોઈપણ સુધારા માટે વિદ્યાર્થીના વાલીશ્રીએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ/નોટરી સમક્ષ કરેલ અસલ સોગંદનામું રજુ કરવાનું રહેશે.

**આચાર્યશ્રી**
**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.**

પ્રતિ,

<u>બાહેંધરી પત્રક</u>

આચાર્યશ્રી

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.

સવિનય સાથ જણાવવાનું કે મારો પુત્ર/પુત્રી વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.(ગુજરાતી માધ્યમ) માં ધોરણ........વર્ગ ......માં અભ્યાસ કરે છે.તેમની શાળામાં જમાં કરાવેલ લીવિંગ સર્ટી (L.C) માં નોંધાયેલી માહિતી અમે વાંચી છે. જેમાં મારા બાળકની .................................................................માં સુધારો/ફેરફાર કરવા ઈચ્છુ છું. તે માટે શાળામાં તારીખ ..............................ના રોજ આપેલ સમયે જરૂરી પુરાવા સાથે હું હાજર રહીશ.

તા.................................. વાલીશ્રીની સહી .................................. મો..................................

પ્રતિ,

<u>બાહેંધરી પત્રક</u>

આચાર્યશ્રી

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.

સવિનય સાથ જણાવવાનું કે મારો પુત્ર/પુત્રી વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.(ગુજરાતી માધ્યમ) માં ધોરણ........વર્ગ ......માં અભ્યાસ કરે છે.તેમની શાળામાં જમાં કરાવેલ લીવિંગ સર્ટી (L.C) માં નોંધાયેલી માહિતી અમે વાંચી છે. જેમાં મારા બાળકની .................................................................માં સુધારો/ફેરફાર કરવા ઈચ્છુ છું. તે માટે શાળામાં તારીખ ..............................ના રોજ આપેલ સમયે જરૂરી પુરાવા સાથે હું હાજર રહીશ.

તા.................................. વાલીશ્રીની સહી .................................. મો..................................

પ્રતિ,

<u>બાહેંધરી પત્રક</u>

આચાર્યશ્રી

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.

સવિનય સાથ જણાવવાનું કે મારો પુત્ર/પુત્રી વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ,બાબેન.(ગુજરાતી માધ્યમ) માં ધોરણ........વર્ગ ......માં અભ્યાસ કરે છે.તેમની શાળામાં જમાં કરાવેલ લીવિંગ સર્ટી (L.C) માં નોંધાયેલી માહિતી અમે વાંચી છે. જેમાં મારા બાળકની .................................................................માં સુધારો/ફેરફાર કરવા ઈચ્છુ છું. તે માટે શાળામાં તારીખ ..............................ના રોજ આપેલ સમયે જરૂરી પુરાવા સાથે હું હાજર રહીશ.

તા.................................. વાલીશ્રીની સહી .................................. મો..................................